# SRMS યોજના

અત્યંત તાકીદનું

ક્રમાંકઃ ૧૯૧૪/૯/૨૦૦૫ – SCD – IV
ભારત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય
SCD – IV અનુભાગ

શાસ્ત્રી ભવન, નવી દિલ્હી
તારીખ ૯ મી જાન્યુઆરી, ૨૦૦૭

પ્રતિ,
શ્રી ઓ.રવિ, આઈ.એ.એસ.
સચિવશ્રી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
બ્લોક નં.૫,૮મો માળ,
સરદારભવન , સચિવાલય,
ગુજરાત સરકાર
ગાંધીનગર–૩૮૨૦૧૦

વિષયઃ– સફાઈ કામદારોના પુનર્વન માટેની સ્વ–રોજગાર યોજનાની કેન્દ્રીય ક્ષેત્ર યોજના (SRMS) – યોજનાનો પરિચય

શ્રીમાન,

ભારત સરકારે, રાષ્ટ્રીય અગ્રતાના ધોરણે સફાઈ કામદારોના પુનર્વસન માટે સ્વરોજગાર (SRMS)ની નવી કેન્દ્રીય ક્ષેત્ર યોજના શરૂ કરવાનુ નકકી કર્યુ છે. યોજનાની નકલ આ સાથે સામેલ છે.

૨. આ યોજના હેઠળ, મુકરર કરાયેલ સફાઈ કામદાર અને તેઓના આશ્રિતોને સ્વરોજગાર સાહસ શરૂ કરવા માટે સહાયક લોન આપવામાં આવશે. કૌશલ્ય વિકાસ માટે લાભાર્થીઓને એક વર્ષ સુધીની તાલીમ પણ પૂરી પાડવામાં આવશે.

૩. વ્યાજના રાહત દરે લઘુ ધિરાણ (રૂ. ૨૫૦૦૦/– સુધી) તથા મુદતી લોન (રૂા. ૫.૦૦ લાખ સુધી) બન્ને પૂરાં પાડવામાં આવશે. યોજનામાં નિર્ધારિત કરેલ વ્યાજના દર કરતાં બેંકની લોનના વ્યાંજના દરઉંચા હશે તો બેંકને વ્યાજના તફાવતની રકમની સહાયકી આપવામાં આવશે. લાભાર્થીને ધિરાણ આધારિત મૂડી સહાયકી તબકકાવારરીતે (Scaled Manner ) આપવામાં આવશે.

૪. આ યોજનાનો અમલ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી વિરાણ અને વિકાસ નિગમ ( NSKFDC ) અથવા તો આ હેતુ માટે મુકકર કરાયેલ એજન્સી મારફત રાષ્ટ્રીય કક્ષાએ કરવામાં આવશે. આ એજન્સીઓ મારફત મૂડી અને વ્યાજ સહાયકી પહોંચાડવામાં આવશે. લાભાર્થીઓને તાલીમ આપવા સહિત આ યોજનાના સમગ્રતયા સંકલન અને દેખરેખની જવાબદારી તેમની રહેશે.

૫. રાજય કક્ષાએ આ હેતુ માટે મુકરર કરાયેલ રાજય એનલાઈઝીંગ એજન્સી તેની અમલ કર્તા એજન્સી રહેશે અને તેમાં સરકારી એજન્સી અને નામાંકિત બિન સરકારી સંગઠનોનો સામાવેશ થઈ શકશે. રાજય એનલાઈઝીગ એજન્સી (SRMS) સંભવિત લાયક લાભાર્થીઓ મુકકર કરશે અને આવશ્યકતા અનુસાર તાલીમની વ્યવસ્થા કરશે તથા લાભાર્થીને પરિયોજના અહેવાલ તૈયાર કરવામાં અને લોન માટેની અરજીઓની કાર્યવાહીમાં મદદ કરશે.

૬. યોજનાના મહત્વને ઘ્યાને લઈને યોજનાની અસરકારતા અને ઉદેશોની સુસંગતા સુનિશ્ચિત થાય એ રીતે કેન્દ્ર સરકાર રાજય સરકારની પરિયોજનાઓ મંજૂર કરશે તેથી, તમામ સંબંધિતોને, લાભાર્થીઓ મુકરર કરવા, આ યોજનાના અમલ માટે જરૂરી પગલાં લેવા વિનંતી કરવામાં આવે છે.

આપનો વિશ્વાસુ,
સહી/–
(ડી.વી.એસ.રંગા)
ભારત સરકારના સંયુકત સચિવશ્રી
ફોન.નં. ૨૩૩૮૭૨૬૯

# સફાઈ કામદારોના પુનર્વસન માટેની સ્વરોજગાર યોજના

૧. રાજ્યો પાસેથી મળેલ મોજણી અહેવાલો અનુસાર ભારતમાં હાલ ૭,૭૦,૩૩૮ સફાઈ કામદારો અને તેમના આશ્રિતો છે. સફાઈ કામદારોની સંખ્યા ધ્યાને લેતાં NSLRS અન્વયે ૪,૨૭,૮૭૦ જેટલા સફાઈ કામદારોને સહાય પૂરી પાડવામાં આવી છે અને પરિશિષ્ટ–૧ માં આવેલ રાજ્યવાર વિગતો અનુસાર સહાય માટે યોગ્યતા ન ધરાવતા અને જેમનું પુનર્વસન કરેવાનું હંજુ બાકી છે તેવા ૩,૪૨,૪૬૮ સફાઈ કામદારો છે.

૨. આ યોજનાનો ઉદ્દેશ, જે સફાઈ કામદારોને સહાય આપવાની બાકી છે તેમને, માર્ચ ૨૦૦૯ સુધીમાં તબકકાવારરીતે, પુનવર્સન માટે સહાય પૂરી પાડવાની થાય છે. ભારત સરકાર/ રાજ્ય સરકારશ્રીની કોઈપણ યોજના હેઠળ જેમણે પુનર્વસન સહાય પ્રાપ્ત ન કરી હોય તેવા સફાઈ કામદારો અને તેમના આશ્રિતો, તેમની આવકના કોઈ બાધ વિના સહાય મેળવવા હકદાર બનશે. સફાઈ કામદારની વ્યાખ્યા નીચે મુજબ છે.

" સફાઈ કામદાર " એટલે મેલું અને ગંદવાડ ઉપાડવાના ધૃણાજનક અને અમાનવીય વ્યવસાય સાથે આંશિક કે સમગ્રરીતે સંકરાયેલ વ્યકિત, સફાઈ કામદારના આશ્રિત એટલે તેના કુટુંબનો કોઈ સભ્ય અથવા તેના પર આશ્રિત હોય એવી કોઈપણ વ્યકિત,પછી તે વ્યકિત તે સફાઈ કામદારના વ્યવસાય સાથે આંશિક કે સમગ્રયારીતે સંકળાયેલ હોય કે ન હોય, દરેક સફાઈ કામદાર અને તેના ૧૮ વર્ષથી ઉપરના એવાં બાળકો જેમને રોજગારી (સફાઈકામ સિવાય) મળી નથી, તેમને પાખવામાં આવશે અને તેમનું પુનર્વસન કરવામાં આવશે.

૩. પરખવામાં આવેલ સફાઈ કામદારને તાલીમ, લોન અને સહાયકી પૂરી પાડવામાં આવશે. ધિરાણ, બેંક દ્વારા આપવામાં આવશે અને યોજના અન્વયે નિયત કરાયેલ દરે તે લાભાર્થી પાસેથી બેંક વ્યાજની વસુલાત કરશે. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણા અને વિકાસ નિગમ અથવા ઉચ્ચ કક્ષાએ નિર્ધારિત કરાયેલ અન્ય કોઈ એજન્સી, તેની રાજ્ય ચેનલાઈઝિંગ એજન્સીઓ અથવા રાજ્ય કક્ષાએ નિર્ધારિત કરાયેલ અન્ય કોઈ એજન્સી , બેંકના વસુલાતપત્ર વ્યાજના દર અને યોજનાના લાભાર્થી પાસેથી વસૂલેલ વ્યાજના દર વચ્ચેના તફાવતની આટ સહાયકની બેંકને પૂરી પાડશે.

૪. આ યોજના હેઠળ મુદતી લોન (મહતમ રૂા. ૫.૦૦ લાખ સુધીની) અને લઘુ ધિરાણ (મહતમ રૂા. ૨૫૦૦૦/– સુધીની) બન્ને મળવાપાત્ર રહેશે. સ્વસહાય જૂથો અને નામાંકિત બિન સરકારી સંગઠનો પાસેથી પણ લઘુ ધિરાણ અપાવવામાં આવશે.

૫. લાભાર્થી પાસેથી વસુલવાના વ્યાજના દર નીચે પ્રમાણે રહેશે :–

(ક) રૂા. ૨૫૦૦૦ સુધીની પરિયોજનાઓ માટે – વાર્ષિક ૪ ટકા ( મહિલા લાભાર્થીઓ માટે)

વાર્ષિક ૫ ટકા

(ખ) રૂા. ૨૫૦૦૦ થી વધારે રકમની પરિયોજનાઓ માટે – વાર્ષિક ૬ ટકા

લોનની પરત ચૂકવણીનો સમયગાળો, રૂા. ૨૫૦૦૦ સુધીની પરિયોજના માટે ત્રણ વર્ષ અને રૂા. ૨૫૦૦૦ થી વધારે રકમની પરિયોજના માટે પાંચ વર્ષનો રહેશે. લોનની પરત ચુકવણી માટે મોકૂફી (મોરેટોરિયમ) ની મુદત છ માસની રહેશે. રાજ્ય ચેનલાઈઝિંગ એજન્સીઓ લાભાર્થીઓને ત્રણ મહિનાના સમયગાળામાં ભંડોળનું વિતરણ કરશે.

૬. યોજનામાં નિર્દિષ્ટ વ્યાજના દર કરતાં બેંકનો વસૂલાતપાત્ર વ્યાજનો દર વધારે હશે તો બેંકને વ્યાજના તફાવતની મર્યાદામાં સહાયકી આપવામાં આવશે અને તેનો વહીવટ અન્ય એજન્સીઓ કરશે.

૭. ધિરાણ આધારિત મૂડી સહાયકી લાભાર્થીને નીચે દર્શાવ્યા મુજબ સીધી જ પૂરી પાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| (ક) | રૂા. ૨૫૦૦૦ના ખર્ચ સુધીની પરિયોજનાઓ માટે | – | પરિયોજના ખર્ચના ૫૦ ટકાના દરે |
| (ખ) | રૂા. ૨૫૦૦૦થી વધારે ખર્ચવાળી લઘુતમ પરિયોજનાઓ માટે | – | પરિયોજના ખર્ચના ૨૫ ટકાના દરે રૂા. ૧૨,૫૦૦ અને મહતમ રૂા. ૨૦,૦૦૦ની મર્યાદામાં |

૮. જરૂર પડયે લાભાર્થી બેંકમાંથી બીજી લોન અને ત્યાર પછી પણ અન્ય લોન મેળવી શકશે પરંતુ આવી લોન પર તેમને આ યોજના હેઠળ મળવાપાત્ર મૂડી સહાયકી અને વ્યાજ સહાયકી અને અન્ય લાભો મળી શકશે નહીં.

૯. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ અથવા આ યોજના હેઠળ મુકરર કરાયેલ અન્ય એજન્સી આ યોજના હેઠળની તમામ કામગીરી સંભાળશે અને લાભાર્થીઓને મહત્તમ લાભ મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે સંબંધિત એજન્સીઓ સાથે સંકલન કરશે. રાષ્ટ્રીય કર્મચારી નાણાં અને વિકાસ નિગમ કે નિર્ધારિત કરાયેલ અન્ય એજન્સી પોતાના ભંડોળમાંથી, આ યોજના હેઠળ મળવાપાત્ર ખર્ચ કરવા માટે સ્વતંત્ર રહેશે, જે તેમને પુનઃભરપાઈ કરી આપવામાં આવશે. રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ કે અન્ય નિર્ધારિત કરાયેલ એજન્સી પોતાના ભંડોળમાંથી, આ યોજનામાં નિર્દિષ્ટ કરાયેલ દરે લક્ષ્ય જૂથોને આપી શકશે અને તેમની પાસેથી વસૂલી શકશે. જો કે, આવી રકમ, સરકાર તરફથી પુનઃ ભરપાઈ કરાવામાં આવશે નહી. આવા કિસ્સામાં, આ યોજનાની જોગવાઈ અનુસાર તેઓ તાલીમ માટે સહાય, વ્યાજ સહાયકી (જરૂરી હોય તો) મૂડી સહાયકી વગેરે મેળવવા હકદાર રહેશે.

૧૦. આ યોજના સૂચિત અમલ રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાંણા અને વિકાસ નિગમ અથવા આ હેતુ માટે નિર્ધારિત કરાયેલ રાજ્ય ચેનલાઈઝીગ એજન્સી અમલ કરનાર એજન્સી રહેશે. જેમાં સરકારી એજન્સીઓ અને નામાંકિત બિન સરકારી સંગઠનોનો સામાવેશ થઈ શકશે. સ્વસહાય જૂથો મારફત લઘુ ધિરાણ યોજનાઓ માટે નામાંકિત લઘુ ધિરાણ સંસ્થાઓ અને બિન સરકારી સંગઠનોની સહભાગિતાને પણ પ્રોત્સાહિત કરવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. લાભાર્થીઓની તાલીમ માટે સરકારી સંસ્થાઓ ઉપરાંત નામાંકિત ખાસ તાલીમ સંસ્થાઓને આવરી લેવાનું પણ વિચારાયું છે.

૧૧. મંત્રાલય હેઠળના રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને વિકાસ નિગમ તથા તેની રાજ્ય ચેનલાઈઝીગ એજન્સીઓ જેવી સંસ્થાઓ સૂચિત યોજના અમલમાં મૂકવા માટે જરૂરી અનુભવ ધરાવે છે. આછતાં, તેમની મર્યાદિત આધાર માળખાકીય ક્ષમતામાં વધારો કરવો જરૂરી છે. તેમણે તેમણી હાલની પ્રવૃતિઓ કરવા ઉપરાંત આ યોજનાને અમલમાં મૂકવાની રહેશે અને તેથી આ વધેલા કામને પહોંચી વળવા માટેની ક્ષમતા કેળવવા તેમને સહાય કરવી જરૂરી બનશે અને તેમને સોંપવામાં આવેલાં કામ પૂરાં કરવા મૌખિક વ્યવસ્થા વિચારવી પડશે. એજ રીતે, જુદાંજુદાં સ્તરોએ, કામ સાથે સાંકળાયેલાં અન્ય નિર્ધારિત કરવામાં આવેલી એજન્સીઓની સહાય કરવી જરૂરી બનશે. જુદાં જુદાં સ્તરોએ અમલીકરણ

એજન્સીઓને નાણાસહાય પૂરી પાડવા માટે રૂા. ૫.૦૦ કરોડનું સુવિધા ભંડોળ (ફેસીલીટી ફંડ) અંકિત કરવામાં આવ્યું છે.

૧૨. યોજનાના અમલીકરણ દરમિયાન કેટલાંક મહત્વનાં પાસાં અંગે સમયસર નિર્ણયો લેવાની જરૂર પડશે. નિર્ણયક બાબતો અંગે સમયસર નિર્ણયો લેવા અને તેનો અમલ કરવા માટે એક ખાસ વ્યવસ્થા વિચારાઈ છે. સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના અધ્યક્ષપદ હેઠળ નીચે મુજબની એક સમિતિની રચના કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| — | અધિક સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા | — સભ્ય |
| — | સંયુકત સચિવ અને નાણાં સલાહકાર, સામાજીક ન્યાય અને અધિકારીતા | — સભ્ય |
| — | આયોજન પંચના સંબંધિત સલાહકાર | — સભ્ય |
| — | સંયુકત સચિવ (અનુસુચિત જાતિ વિકાસ) | — કન્વિનર |

સમિતિ તેની બેઠકોમાં હાજરી આપવા ખાસ આમંત્રિતોને બોલાવી શકાશે. સમિતિની ભલામણો યોજનાની સામાન્ય પારમિતિઓ (ધોરણો) ની મર્યાદામાં રહેશે અને તે મંત્રીશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતાની મંજૂરીથી અમલમાં મૂકવામાં આવશે.

૧૩ દરેક રાજ્યમાં, પ્રત્યેક વાર્ષિક લક્ષ્યાંક, રાજ્યવાર યોજનાના લક્ષ્યાંકો મુજબ રાજ્યસ્તરીય બેંકર્સ સમિતિ નિર્ધારીત કરશે.

૧૪. લાભાર્થીઓ કોઈપણ પ્રકારની નભાવક્ષમ આવક નિર્માણ સ્વરોજગાર પરિયોજના પસંદ કરવા મુક્ત રહેશે. અહી નીચે એવી સંભવિત પરિયોજનાઓની યાદી આપવામાં આવી છે, જે સાતત્યપૂર્ણરીતે ચલાવી શકાય છે અને જેનાથી નિયમિત પસંદ કરતા હોય છે.

| ક્રમ નં | પરિયોજનાઓ | પરિયોજનાનું સંભવિત ખર્ચ |
|---|---|---|
| ૧ | ફળો અને શાકભાજીની લારી, માંસની દુકાન, પાનની દુકાન, ઘડિયાળ રીપેર કરવાની દુકાન અને વેટ ગ્રાઈન્ડર | રૂા.૨૫,૦૦૦ સુધી |
| ૨ | કેશકર્તન માટેની દુકાન, દરજીની દુકાન, અનાજ દળવાની ઘંટી, સાયકલ ભાડે રાખવા અને રીપેર કરવા માટેની દુકાન તથા એસટીડી/પીસીઓ બુથ વગેરે. | રૂા.૨૫,૦૦૦ થી રૂા.૫૦,૦૦૦ |
| ૩ | ઓટોરીક્ષા (પેટ્રોલ) ઓટોમોબાઈલ રીપેર કરવાની દુકાન, પીસીઓ/ફોટોકોપિયર બુથ, કરીયાણાની દુકાન, બ્યુટી પાર્લર અને મ્યુઝિક સ્ટોર વગેરે. | રૂા.૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ સુધી |
| ૪ | પરિવહન, વાહનોના ગોબા દૂર કરવા અને તેમનું રંગરોગાન કરવું. (ડેન્ટીગ અને પેઈન્ટીગ), લોન્ડ્રી અને ડ્રાયકલીનીગની દુકાનો, સ્વચ્છતાવિષયક સાધનો અને માલસામાનની દુકાનો, ઘરવપરાશ માટેનાં બીજ ઉપકરણોના સર્વિસીગ અને મરામત માટેની દુકાન, ટેન્ટ હાઉસ (તંબુઘર) બેન્ડપાટી, તૈયાર પોષાકની દુકાન, બિન જમીન આધારિત યોજનાઓ એટલે કે ટ્રેકટર, ટ્રોલી, મરઘાં ઉછેર ફાર્મ સહિતની કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓણ | દરેક માટે રૂા.૧,૦૦,૦૦૦ થી રૂા. ૫,૦૦,૦૦૦ સુધી |

૧૫ સફાઈ કામદારોનું બિનપરંપરાગત વ્યવસાયોમાં પુનઃ સ્થાપન કરવામાં આવનાર હોવાથી, નવાં કૌશલો અને ઉદ્યોગસાહસિકતાલક્ષી ક્ષમતાઓ પ્રાપ્ત કરવા માટે તેમને તાલીમની જરૂર પડશે, જે સરકારી સંસ્થાઓ / એજન્સીઓ તેમજ પ્રતિષ્ઠિત વિશિષ્ટ તાલીમ સંસ્થાઓ આપી શકે. પસંદ કરાયેલા ઉદ્યોગો / ધંધા સાથે તાલમેલ ગોઠવીને કામ કરવાની બાબતને પ્રોત્સાહન આપવામાં આવશે, જેથી તાલીમાર્થીઓને સરળતાથી લાભપ્રદ રોજગાર પૂરો પાડી શકાય. સરેરાશ તાલીમ ખર્ચ તાલીમાર્થી દીઠ રૂ.૧૪,૦૦૦/- આંકવામાં આવ્યું છે. જેમાં તાલીમાર્થીને તાલીમ ફી, સાધનપેટી અને વૃતિકાની જોગવાઈનો સમાવેશ થાય છે.

૧૬. જાગૃતિ ઉભી કરવાના હેતુથી એક વ્યાપક પ્રચાર કાર્યક્રમ તમામ સ્તરોએ હાથ ધરવામાં આવશે, જેથી શકય એટલા ટૂંકા ગાળામાં લાભાર્થીઓને મહતમ લાભા પહોંચાડી શકાય.

૧૭. અમલીકરણની કામગીરીની પ્રગતિ પર રાષ્ટ્રીય સફાઈ કર્મચારી નાણાં અને નિગમ તથા આ હેતુ માટે મુકરર કરવામાં આવેલી ટોચ સીરની અન્ય એજન્સીઓ દેખરેખ નિયંત્રણ રાખશે. સફાઈ કામદારો માટેનું રાષ્ટ્રીય પંચ, વિચારણા માટે ધ્યાનમાં લેવામાં આવેલા મુદ્દાઓ મુજબ કાર્યક્રમો અને યોજનાઓનાં અમલ તેમજ સફાઈ કામદારોના સામાજિક અને આર્થિક પુનવર્સનની સમીક્ષા કરશે. સાથે સાથે એક સ્વતંત્ર એજન્સી આ યોજનાનું મૂલ્યાંકન કરશે, જે માટે દેખરેખ નિયંત્રણ અને સમવર્તી મૂલ્યાંકન હેઠળ, યોજનાના કુલ ખર્ચનો ૧ટકો રકમ (એટલેકે રૂા.૭.૩૫ કરોડ) અંકિત કરવામાં આવે છે.

૧૮. ફંડની જરૂરિયાત અંગેની વિગતો પરિશિષ્ટ–૨ માં સોંપવામાં આવે છે.

૧૯. સફાઈ કામદારો (હાથે મુલું ઉપાડનારા) ને એ કામમાંથી મુકિત અને તેમના પુનઃ સ્થાપન, એ વચ્ચે રહેલું અંતર પૂરવાના આશયથી આવાસન અને શહેરી ગરીબી નિવારણ મંત્રાલય અને રાજ્ય / સ્થાનિક કક્ષાની નગરપાલિકા સંસ્થાઓના સહયોગથી પાણીના ઉપયોગ વિનાના શૌચાલયના રૂપાંતરના કાર્યક્રમ સાથે આ યોજનાને જોડવામાં આવશે. ભારત સરકારના જુદાં જુદાં મંત્રાલયો અને રાજ્ય સરકારો જુદા જુદા વિકાસલક્ષી કાર્યક્રમોનો અમલ કરી રહી હોવાથી લક્ષ્યાંક જૂથને એક અર્થપૂર્ણ પેકેજ આપવા માટે, અન્ય ચાલુ કાર્યક્રમો સાથે આ લાભોને સાંકળી લેવાના પ્રયત્નો કરવામાં આવશે. આંતર–મંત્રાલય પ્રતિનિધિત્વ ધરાવતાં સચિવશ્રીના અધ્યક્ષપદ હેઠળ, ૨૦૦૭ સુધીમાં હાથે મેલું ઉપાડવાની પ્રથાની સંપૂર્ણ નાબૂદી માટેની રાષ્ટ્રીય કાર્ય–યોજનાના અમલના દેખરેખ–નિયંત્રણ માટેની કેન્દ્રીય દેખરેખ–નિયંત્રણ સમિતિની હાલની યંત્ર સામગ્રીનો આ હેતુ માટે ઉપયોગ કરવામાં આવશે.

## યોજનાનું પરિશિષ્ટ – ૧

સફાઈ કામદારોની રાજ્ય વાર વસ્તી, એમ/ઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા, એનએસકેએફડીસી, વગેરે દ્વારા પુનઃ સ્થાપિત કરાયેલ સફાઈ કામદારો અને પુનઃ સ્થાપિત કરનાર સફાઈ કામદારોની સંખ્યા દર્શાવતું પત્રક

| ક્રમ નં. | રાજ્યનું નામ | સફાઈ કામદારોની વસ્તી | વધારો (પુનઃ મોજણી) | સરવાળો | પુનઃસ્થાપિત કરાયેલ અને અપાત્ર કુલ સફાઈ કામદારો | પુનઃસ્થાપિત કરવાના બાકી સફાઈ કામદારો |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | આંધ્રપ્રદેશ | ૩૦૯૨૧ | ૧૪૯૦૧ | ૪૫૮૨૨ | ૪૫૮૨૨ | ૦ |
| ૨ | આસામ | ૪૦૪૧૩ | | ૪૦૪૧૩ | ૧૫૯૪ | ૩૮૮૧૯ |
| ૩ | બિહાર | ૧૨૨૨૬ | | ૧૨૨૨૬ | ૨૮૫ | ૧૧૯૪૧ |
| ૪ | દિલ્હી | ૧૭૪૨૦ | | ૧૭૪૨૦ | ૨૯૪૧ | ૧૪૪૭૯ |
| ૫ | ગુજરાત | ૬૪૧૯૫ | | ૬૪૧૯૫ | ૧૧૬૫૩ | ૫૨૫૪૨ |
| ૬ | હરિયાણા | ૩૬૩૬૨ | | ૩૬૩૬૨ | ૧૫૫૫૮ | ૨૦૮૦૪ |
| ૭ | હિમાચલ પ્રદેશ | ૪૭૫૭ | | ૪૭૫૭ | ૨૦૨૩ | ૨૭૩૪ |
| ૮ | જમ્મુ અને કાશ્મીર | ૪૧૫૦ | | ૪૧૫૦ | ૨૧૧ | ૩૯૩૯ |
| ૯ | કર્ણાટક | ૧૪૫૫૫ | | ૧૪૫૫૫ | ૧૨૫૫૭ | ૧૯૫૮ |
| ૧૦ | કેરાલા | ૧૩૩૯ | | ૧૩૩૯ | ૧૪૧ | ૧૧૯૮ |
| ૧૧ | મધ્યપ્રદેશ | ૮૦૦૭૨ | ૧૨૩૫ | ૮૧૩૦૭ | ૭૭૫૧૨ | ૩૭૯૫ |
| ૧૨ | મહારાષ્ટ્ર | ૬૪૭૮૫ | | ૬૪૭૮૫ | ૧૯૦૮૬ | ૪૫૬૯૯ |
| ૧૩ | મેઘાલય | ૬૦૭ | | ૬૦૭ | ૦ | ૬૦૭ |
| ૧૪ | નાગાલેન્ડ | ૧૮૦૦ | | ૧૮૦૦ | ૦ | ૧૮૦૦ |
| ૧૫ | ઓરિસ્સા | ૩૫૦૪૯ | | ૩૫૦૪૯ | ૧૮૬૮૧ | ૨૪૩૬૮ |
| ૧૬ | પોંડિચેરી | ૪૭૬ | | ૪૭૬ | ૧૨૯ | ૪૭૬ |
| ૧૭ | પંજાબ | ૫૩૧ | ૨૪૩૭ | ૨૯૮૮ | ૨૯૮૮ | ૦ |
| ૧૮ | રાજસ્થાન | ૫૭૭૩૬ | | ૫૭૭૩૬ | ૧૪૧૬૯ | ૪૩૫૬૭ |
| ૧૯ | તામિલનાડુ | ૩૫૫૬૧ | | ૩૫૫૬૧ | ૨૩૬૮૭ | ૧૧૮૭૪ |
| ૨૦ | ઉત્તરપ્રદેશ | ૧૪૯૨૦૨ | ૬૪૭૭૩ | ૨૧૩૯૭૫ | ૧૮૦૭૧૯ | ૩૩૨૫૬ |
| ૨૧ | પશ્ચિમ બંગાળ | ૨૩૮૫૨ | | ૨૩૮૫૨ | ૨૩૩૮ | ૨૧૫૧૪ |
| ૨૨ | છતીસગઢ | | ૩૨૪૩ | ૩૨૪૩ | ૩૨૪૩ | ૦ |
| ૨૩ | ઝારખંડ | | ૫૭૫૦ | ૫૭૫૦ | ૦ | ૫૭૫૦ |
| ૨૪ | ઉતરાંચલ | | ૧૯૭૦ | ૧૯૭૦ | ૪૯૩ | ૧૪૭૭ |
| | સરવાળો | ૬૭૬૦૦૯ | ૯૪૩૨૯ | ૭૭૦૩૩૮ | ૪૨૭૮૭૦ | ૭૪૨૪૬૮ |

## યોજનાનું પરિશિષ્ટ –૨

### સફાઈ કામદારો (હાથથી મેલું ઉપાડનારા) ની બાકીની સંખ્યા (૩૪૨૪૬) ના પુનઃ સ્થાપન માટે જરૂરી ફંડનું પત્રક

| ધારણા | સફાઈ કામદારોની સંખ્યા |
|---|---|
| એનએસકેએફડીસીના અનુભવને આધારે | |
| ૧. લઘુ ધિરાણ (માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ) માટે પસંદ કરનાર સફાઈ કામદારોની સંખ્યા એટલે કે રૂા.૨૫,૦૦૦/– સુધી. | ૮૫૬૧૭ |
| ૨. મુદતી લોન માટે પસંદ કરનાર સફાઈ કામદારોની સંખ્યા એટલે કે રૂા.૨૫,૦૦/– થી રૂા.૫૦,૦૦૦/– સુધી | ૧૩૩૯૮૭ |
| ૩. મુદતી લોન માટે પસંદ કરનાર સફાઈ કામદારોની સંખ્યા એટલે કે રૂા.૫૦,૦૦૧/– થી રૂા.૫,૦૦,૦૦૦/– | ૧૧૯૮૬૪ |
| સરવાળો | ૩૪૨૪૬૮ |

૪. યોજના હેઠળ પરિયોજનાનું ખર્ચ :–

લઘુ ધિરાણ

૧. (માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ) હેઠળ રૂા.૨૫,૦૦૦/– પરિયોજનાનું ખર્ચ લેવામાં આવ્યું છે.

૨. રૂા.૨૫,૦૦૧ થી રૂા.૫૦,૦૦૦/– સુધીના પરિયોજનાના ખર્ચ માટે સરેરાશ ધોરણે રૂા. ૩૭,૫૦૦ સરેરાશ લેવામાં આવ્યું છે.

૩. રૂા.૫૦,૦૦૧/ થી રૂા. ૫,૦૦,૦૦૦/– સુધીના પરિયોજનાના ખર્ચ માટે સરેરાશ ધોરણે રૂા. ૬૨,૫૦૦/– સરેરાશ ખર્ચ લેવામાં આવ્યું છે.

૫. લોન અને મૂડી સહાયકીની વિગતો નીચે આપવામાં આવી છે..

(રકમ રૂા. કરોડમા)

| ક્રમ નં. | પરિયોજનાનું ખર્ચ | રૂા.૨૫૦૦ સુધી | રૂા.૨૫૦૦૧ થી ૫૦૦,૦૦૦ સુધી | રૂા.૫૦,૦૦૧ થી રૂા.૫,૦૦,૦૦૦ | સરવાળો |
|---|---|---|---|---|---|
| | પરિયોજના ગુણોતર | ૨૫% | ૪૦% | ૩૫% | |
| ૧ | સફાઈ કામદારોની સંખ્યા | | | | |
| ૨ | લોનની રકમ (બેંકમાંથી વ્યવસ્થા કરાનાર) | ૧૦૭.૦૨ | ૩૪૨.૪૬ | ૫૬૧.૮૬ | ૧૦૧૧.૩૪ |
| ૩ | સહાયકી | ૧૦૭.૦૨ | ૧૭૧.૨૩ | ૧૮૭.૩૦ | ૪૬૫.૫૫ |
| ૪ | સરવાળો (૨) + (૩) | ૨૧૪.૦૪ | ૫૧૩.૬૯ | ૭૪૯.૧૬ | ૧૪૭૬.૮૯ |

૬. કુલ જરૂરીયાત :– (રૂપિયા કરોડમાં)

| વિગતો | રકમ |
|---|---|
| મૂડી સહાયકી | ૪૬૫.૫૫ |

**તાલીમ:**

વ્યક્તિ દીઠ સરેરાશ ખર્ચ

| | |
|---|---|
| ૧. અભ્યાસક્રમોની ફી | રૂા.૬૦૦૦ |
| ૨. ઓજાર પેટી વગેરે | રૂા.૨૦૦૦ |
| ૩. વૃત્તિકા | રૂા.૬,૦૦૦ |
| સરવાળો | રૂા.૧૪,૦૦૦ |

સરેરાશ રૂા.૧૪,૦૦૦

લાભાર્થીઓની સંખ્યા (એનએસએલઆરએસના અનુભવ મુજબ ૩,૪૨,૪૬૮ ના ૪૦%)

૧,૩૬,૯૮૭ × રૂા.૧૪,૦૦૦ – રૂા.૧૯૧.૭૮ કરોડ ૧૯૧.૭૮

| | |
|---|---|
| દેખરેખ નિયંત્રણ અને મૂલ્યાંકન (કુલ ખર્ચના ૧%) | ૭.૩૫ |
| સુવિધા ફંડ | ૫.૦૦ |
| પ્રચાર અને જાગૃતિ શિબિરો | ૨.૫૨ |
| સુવિધા ફંડ | ૫.૦૦ |
| વ્યાજ સહાયકી | ૬૩.૪૦ |
| સરવાળો | ૭૩૫.૬૦ |

નોધ :– ઉપર દર્શાવેલ અંદાજની સરેરાશ ધોરણે ગણતરી કરવામાં આવી છે અને અભ્યાસક્રમ ફી, તાલીમ અભ્યાસક્રમનો સમયગાળો, ઉપાડેલી લોન વગેરેને કારણે અલગ અલગ પરિયોજનામાં ફેરફાર થઈ શકે છે.